


## સલામી સવારની..

કપાઈ જાય ચગ્યા પછી એને પૂજે છે કોણ ?
ભટકે છે અરણ્યમાં એકલા પૂછે છે કોણ ?
પોંખે કોણ છે ? - એ ઉડયા'તા અભિમાન ના આકાશે
પદ ને ઠૂમકે છવાયા, હવે પૂછે છે કોણ ?
(વાસી ઉતરાણે - કપાયેલા પતંગોની હાલત)

હાઈકુ

મારી ગૂલાંટ,
ઉંચે ચઢવા માટે -
ફેંકાઈ ગયા...

લેવા ગ્યા પેચ -
પણ 'દોર' સહિત -
લૂંટાઈ ગયા !

## ચિંતન

*આત્મા અજ્ઞાનાત્ જગત ભાતિ આત્મજ્ઞાનાત્ ન ભાસતે ।*
*રજવજ્ઞાનાત્ અહિ: ભાતિ તત્ જ્ઞાનાત્ ભાસતે નહિ ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક્ત ગીતામાંથી લેવામાં આવેલ છે.

આત્માનું અજ્ઞાન છે, ત્યાં સુધી વિશ્વ ભાસે છે, આત્મજ્ઞાન થતાં તે ભાસતું નથી, જેમ દોરીના અજ્ઞાનથી જ તેમાં સર્પ ભાસે છે, પણ તેનું જ્ઞાન થતાં, સર્પ ભાસતો નથી.

આત્મા વિશે જયાં સુધી અજ્ઞાન છે, ખ્યાલ જ નથી, ત્યાં સુધી સંસાર, વિશ્વ જ સત્ય છે એવું લાગે છે. પણ આત્મજ્ઞાન થતાં જ દૃષ્ટિ બદલાઈ જાય છે. દુનિયા તો એની એ જ રહે છે. પણ જોવાની રીત, જોવાનો ભાવ, બદલાઈ જાય છે.

આત્માને આત્મા તરીકે ન જોવાથી જ સંસાર ઊભો થાય છે. પણ જે આત્માને ઓળખી લે છે, તેને માટે સંસાર રહેતો જ નથી. એનાથી સંસાર આપોઆપ છૂટી જાય છે.

## સુવિચાર

- જ્ઞાન અને વિદ્યાથી અલંકૃત હોવા છતાં પણ જો વ્યક્તિ દુર્જન હોય તો તેનો ત્યાગ કરવો જોઈએ - **હિપોપદેશ**
- નાટકમાં સૌથી અઘરું પાત્ર મૂર્ખનું હોય છે...
  અને તે ભજનવાર બહું હોંશિયાર કલાકાર હોય છે - **બર્નાડ શો**
- આપણામાં ડહાપણ ત્યારે આવતું હોય છે જયારે તે આપણને ઉપયોગી ન રહ્યું હોય - **ગેબ્રિયલ માર્કસ**
- સાચો મિત્ર એ કહેવાય જે તમારો હાથ પકડે અને હૃદયને સ્પર્શે - **નવનીત**
- દોસ્ત, તારે બેઠો જ કરવો હોય તો માણસ ને બેઠો કર, ઈશ્વર બેઘર નથી,
  તું નીત નવા મંદિરો ઊભા ન કર - **સુનિતા વ્યાસ**
- સન્નાટા તુંફાં સે સિવા હો યે ભી તો હો સકતા હે...
  યે કુછ ઔર બડા ધોકા હે યે ભી હો સકતા હે - **અકબર અલી**
- આજનું ઔષધ - રોડ ચાર ગ્રામ અજમો ગોળ સાથે રોજ ખાવાથી લિવર મોટું થતું હોય તો રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

નાનપણથી જ વોરન બફેટમાં વેપાર કરવાની તીવ્ર ઈચ્છા રહી. નાના હતા ત્યારે દાદાજીની કરિયાણાની દુકાન પર કામ કર્યું હતું. અખબારો વેચીને રમકડા વેચીને ખીસ્સા ખર્ચ કાઢતા. ૧૯૩૦ની સાલમાં જયારે બફેટ અગિયાર વર્ષના હતા ત્યારે એણને શેરની લે-વેચનું સાહસ કર્યું. ચૌદ વર્ષની ઉંમરે પોતાની આવકનું ટેક્સ રિટર્ન ભરવાનું શરૂ કર્યું. આમ નાનપણથી જ વેપાર વૃત્તિ અને શેર-લેવેચની દિલચસ્પી ધરાવનારા વોરન બફેટ વીસમી સદીના સૌથી વધુ સફળ ઈન્વેસ્ટર બન્યા. અને બર્કશાયર હેથ-વે કંપનીના સૌથી મોટા શૅર હૉલ્ડર અને ચેરમેન બન્યા. ૨૦૦૮માં વોરન બફેટની કુલ સંપત્તિ ૬૨ અબજ જૉલર હતી. ફોર્બસે એમને દુનિયાના સૌથી અમીર વ્યક્તિ જાહેર કર્યા. પણ બફેટને પોતાની સફળતા કે સંપત્તિનું જરાય અભિમાન આજેય નથી. તેઓ કયારેક પ્રાઈવેટ જેટમાં યાત્રા કરતા નથી. અઢળક ધન હોવા છતાં ૧૯૫૮માં એક ઘર જે સાવ સામાન્ય કહેવાય તેવું ચાર રૂમવાળું છે. જે ફક્ત બત્રીસ હજાર ડૉલરમાં ત્યારે લીધું હતું. બફેટ કોઈ પણ પ્રકારના ધનવૈભવના પ્રદર્શનથી દૂર રહે છે. એ કહે છે કે, 'સમુદ્ર કિનારે ભીની રેતી પર મંદ મંદ પવન વાતો હોય ત્યારે ખુલ્લા પગે ચાલતાં જેટલો આનંદ આવે છે, એટલો આનંદ કીમતી મોટર અને મોંઘા પરફ્યુમ કે હાઈફાઈ લાઈફમાં નથી મળતો.'

# કાશ્મીરની સંસાર સેવા બહાલ કરાઈ

**તંત્રીસ્થાનેથી...**

સર્વોચ્ચ અદાલતે કાશ્મીરમાં મહિનાઓથી સરકાર દ્વારા ખોરવી નંખાયેલી ઈન્ટરનેટ સેવાઓ સત્વરે ચાલુ કરાવવાની તાકીદ કરતાં ઉત્તર કાશ્મીરના શ્રીનગર શહેર સહિતના પાંચ પંથકોમાં મર્યાદીત ઈન્ટરનેટ સેવાઓ બહાલ કરાઈ છે. અલબત્ત, સોશિયલ મીડિયા પર પ્રતિબંધ ચાલુ રાખવામાં આવેલ છે. રોજિંદી જરૂરિયાતો જેવી કે બેન્ક, સરકારી સંસ્થાનો વગેરેની ઈન્ટરનેટ સેવાઓ ચાલુ કરતી વખતે એનો દુરુપયોગ ન થાય એની કડક તાકીદ પણ કરાઈ છે. અદાલતે આવી સેવાઓને નાગરિકનો મૂળભૂત બંધારણીય અધિકાર ગણાવીને એ વેળાસર બહાલ કરવા આદેશ કર્યો હતો. વળી બ્રિટીશ રાજ વખતની ચાર માણસથી વધુ ભેગા નહીં થઈ શકે એ મતલબની કલમ-૧૪૪નો દુરુપયોગ નહીં કરવા બાબતે પણ તાદીદ કરી હતી. મહિનાઓ સુધી નજરકેદ રખાયેલા નેતાઓને મુક્ત કર્યા પછી તબક્કાવાર ઈન્ટરનેટ સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવાની યોજના અમલી બનાવાશે. કાશ્મીરની પ્રજાને દેશથી અને દુનિયાથી અલગ પાડી દેવાનો કેન્દ્ર સરકારનો ઈરાદો ન જ હોય, પરંતુ જે રીતે એકાએક કલમ-૩૭૦ની જોગવાઈ મુજબનો રાજયનો સ્વતંત્ર દરજ્જો નાબૂદ કરાયો છે. એ જોતાં રાજકીય અગ્રણીઓ પ્રજાને ઉશ્કેરી આંદોલન ઊભી કરી શકે એમ હતા. આથી શરૂથી જ નેશનલ કોન્ફરંસ અને મહેબૂબા મુફતીના પક્ષના મુખ્ય નેતાઓને નજરકેદ કરી પરિસ્થિતિ પર ચાંપતી નજર રખાતી રહી; અલગતાવાદી પરિબળો સાથે કડકાઈથી કામ લીધઆ વગર ચાલે એમ જ ન હતું. જમ્મુ અને કાશ્મીરનો વિશિષ્ઠ દરજ્જો સમાપ્ત કરી દઈ રાજયના ત્રણે ભાગોને કેન્દ્ર શાસિત પ્રદેશ બજાવી દેવાનો કેન્દ્ર દેશની પ્રજાને માન્ય હતો પરંતુ પાકિસ્તાને એ અંગે છેક યુનો સુધી ઘા નાખી હતી. આખરે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે. વિશ્વની મહાસત્તાઓએ જમ્મુ-કાશ્મીર સમસ્યાને ભારતનો અંગત પ્રશ્ન ગણી એથી દૂર રહેવાનું વલણ અપનાવ્યું છે. પરંતુ ઘા ખાઈ ગયેલ પાકિસ્તાન જંપીને બેસી રહે એ વાતમાં માલ નહીં. એણે એનાં છમકલાં ચાલુ જ રાખ્યા છે. સામા પક્ષે ભારતીય સેનાના સેનાપતિ નરવણેએ સરકાર આદેશ કરે એની સાથે જ કહેવાતા આઝાદ કાશ્મીરને ભારતમાં ભેળવી દેવાનો હુંકાર ભણ્યો છે. ખાટલે ખોડ કે કાશ્મીર પોલીસના જ વરિષ્ઠ અધિકારી કે જેમને છ માસ પૂર્વે ભારતના રાષ્ટ્રપતિએ વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરેલ છે - નામે દેવન્દિરસિંહ પાક આતંકીઓને આશ્રય આપતા હોવાનું પકડાઈ ગયું છે. ઘર ફૂટ્યે ઘર જાય - એવી સ્થિતિ સરજાઈ છે. દેવન્દિરસિંહ શીખ છે, અને પાક આતંકવાદીઓને સહેલાઈથી ભારતમાં ઘુસણખોરી કરવામાં મદદ કરતા હોવાના પુરાવા સાંપડ્યા છે. દેશ જયારે પાકિસ્તાનની નાપાક હરકતો સામે ઝઝૂમી રહ્યો હોય ત્યારે ઘરનો ચોકીદાર જ ચોરોને આશરો આપવા લાગે તો કેવી વિચિત્ર અને કફોટી સ્થિતિ સરજાય! આ પરિસ્થિતિ ખૂબ વિચારણીય છે. આવા કેટલા દેવિન્દરસિંહો ભારતીય પોલીસ કે સેનામાં રહીને પાડોશી દેશના આતંકીઓની સેવામાં કાર્યરત હશે તે પ્રશ્ન પણ વિચાર માગી લે એવો છે, કડક તપાસ માટે કડક એજન્સીને કામ સોંપાયું છે તેને આવકારીએ. પરંતુ જયારે એક તરફ રાષ્ટ્રીય નાગરિકતા સંશોધન ધારા અને સિટીઝન્સ રજિસ્ટર વિરુદ્ધ ઊહાપોહ જામ્યો છે ત્યારે સરહદ પર આવાં કાવતરામાં ઘરના જ માણસોની સામેલગીરી ઘણી જ ચિંતાજનક બની રહે તે સ્વાભાવિક છે.

# મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત !




ફક્ત જન્મવાથી નથી થઈ જવાતું,
ઘણીવાર લાગે છે માણસ થવામાં.

- સુનીલ શાહ

●●●

એક ઉદ્યોગપતિ મોટા દેવામાં ડૂબી ગયો. તેમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો તેમને મળતો નહોતો. લેણદારો પઠાણી ઉઘરાણી કરી રહ્યા હતા. આ ઉદ્યોગપતિ બગીચામાં બેઠા બેઠા વિચારી રહ્યા હતા કે કંપનીને બંધ થતી કેવી રીતે અટકાવી શકાય? ત્યાં જ અચાનક એક વૃદ્ધ માણસ તેમની પાસે આવ્યો અને બોલ્યો : 'તમે કોઈ મોટી મુશ્કેલીમાં હોવ તેમ લાગે છે?' ઉદ્યોગપતિની મુશ્કેલી સાંભળ્યા બાદ વૃદ્ધે કહ્યું, 'હું તમને મદદ કરી શકું તેમ છું.' તે વૃદ્ધે દસ લાખ ડૉલરનો ચૅક લખ્યો અને ઉદ્યોગપતિના હાથમાં મૂકતા બોલ્યો, 'લો, આ ચેક, આજથી બરાબર એક વર્ષ બાદ તમે મને આજ જગ્યાએ મળજો. ત્યારે મને ચેકની રકમ પરત કરજો.' આટલું કહી વૃદ્ધ ત્યાંથી જતો રહ્યો. ઉદ્યોગપતિએ તેની શરત સ્વીકારી એક વર્ષ બાદ રકમ પરત કરવાનું વચન આપ્યું.

ઉદ્યોગપતિએ જોયું તો તેને દસ દાખ ડૉલરનો ચેક મળ્યો હતો. ચેક ઉપર દુનિયાના સૌથી મોટા ધનિકોમાંના એક એવા વોરન બફેટની સહી હતી. ઉદ્યોગપતિની આર્થિક સમસ્યા ઉકલી ગઈ. ચેકને બેન્કમાં જમા કરાવવાને બદલે તે ચેક પોતાની પાસે સાચવી રાખ્યો. તેણે વિચાર્યું કે જો કોઈ કટોકટી ઊભી થશે તો તેની પાસે ચેક તો છે જ. બદલાયેલી મુશ્કેલ પરિસ્થિતિમાં તેણે બમણા વેગથી કાર્ય આરંભ્યું. ઉત્સાહપૂર્વક સખત મહેનત સાથે પોતાનું કામ ફરીથી શરૂ કર્યું. તેને વધારે પ્રમાણમાં અને મોટા મોટા ઓર્ડર મળવા લાગ્યા. થોડાક જ મહિનામાં તે દેવું ચૂકતે કરી શકે તેટલું કમાઈ ગયો. ટૂંકાગાળામાં પૂર્વવત ધનવાન બની ગયો.

વચન આપ્યા પ્રમાણે એક વર્ષ બાદ તે ચેક લઈને બાગમાં ગયો. તે પેલા વૃદ્ધને ત્યાં બેઠેલો જોયો. ઉદ્યોગપતિ વૃદ્ધને ચેક આપતા જતો હતો ત્યાં જ એક નર્સ દોડતી દોડતી આવી અને વૃદ્ધને પકડી લીધો. તે ઉદ્યોગપતિ તરફ જોઈ બોલી, 'તમને આ વૃદ્ધે કોઈ તકલીફમાં તો નથી મૂક્યા ને? તે હંમેશા ગાંડાની હોસ્પિટલમાં ભાગી આવે છે અને લોકોને કહે છે કે તે વોરેન બફેટ છે!' નર્સ વૃદ્ધને લઈને ત્યાંથી જતી રહી. ઉદ્યોગપતિએ આશ્ચર્યચકિત થઈ આંચકો અનુભવ્યો. આખું વર્ષ તે એમ જ વિચારીને કાર્ય કરતા હતા કે તેમની પાસે દસ લાખ ડોલરનો ચેક છે.

મિત્રો, જીવન તો ચડતી-પડતીનો ખેલ છે. (Life is full of ups and down.) ઉન્નતિમાં ઉન્મત્ત ન બને અને અવનતિમાં હતાશ ન થાય એ જ સાચો જીવનવીર ગણાય. જીવનમાં આવતાં વિભિન્ન દ્વંદ્વોને જે સહજ સ્વીકારી જાણે તે જ સાચા અર્થમાં જીવનને જાણે છે અને માણે છે. સંસ્કૃતમાં કહેવાયું છે, 'દરિદ્રતા ધીરતયા વિરાજતે, કુરુપતા શીલયતા વિરાજતે' અર્થાત્ 'દરિદ્રતા ધૈર્યથી શોભે છે, અને કુરુપતા શીલથી શોભે છે.'

દોસ્તો, જીવનમાં અર્થ કરતાં આત્મવિશ્વાસ મોટો ભાગ ભજવે છે. ધનસંપત્તિ - કરતાં હિંમત ઘણીવાર ઉપકારક સાબિત થતી હોય છે. સાધનો કરતાં સાધના કારગત નીવડતી હોય છે. ભૌતિક- સ્થૂળ વસ્તુઓ બહારથી મેળવી શકાય પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ તો અંતઃસ્થલમાં પાંગરતા હોય છે. જે વ્યક્તિ હાર્યા કે થાક્યા વગર અનવરત આગળ વધે છે તે જ વિજયશ્રીને પામે છે. અડબીડ અંધકારિમાંયે આત્મવિશવાસની જયોતિ જ જીવનપથને અજવાળી શકે છે. એવું કહેવાય છે, ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ આ છ જયાં હોય ત્યાં દૈવ આવીને સહાયભૂત થાય છે. મિત્રો, વોરેન બફેટના નાદમાં પાગલ વૃદ્ધે પેલા ઉદ્યોગપતિની આત્મશ્રદ્ધાને જાગૃત કરી દીધી છે. સાચે જ આત્મશ્રદ્ધાના અજવાળે માણસ ગમે તેવા દુર્ગમ પથને પણ પાર કરી શકે છે. તેથી જ સંતો કહે છે,

'મન કે હારે હાર હૈ, મન કે જીતે જીત !'

**સ્પર્શમણિ :**

ભાગ્યના દરવાજા પર માથું અથડાવવા કરતાં, કર્મનું વાવાઝોડું ઊભું કરશો તો બધા દરવાજા આપોઆપ ખુલી જશે.

●●●

સારા માણસોની
એક ખરાબ આદત હોય છે.
એ સંબંધો તોડતા નથી
ઓછા કરી નાખે છે.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# સ્વચ્છતા જો 'માનસિકતા' બને તો જ સુધાર શક્ય છે...




છેલ્લાં થોડા દિવસોથી ગાંધીનગરનું વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું છે. સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગરનો ક્રમ પાછળ ધકેલાઈ ગયો એ ગાંધીનગરવાસીઓ અને વહીવટ કરનાર સર્વે માટે નામોશીનું કારણ બન્યું છે. અધિકારી દ્વારા છૂપા વેશે દુકાનકાર પાસે રહેલી પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો. હવે સરપ્રાઈઝ ચેકીંગ કરી પ્રતિબંધિત પ્લાસ્ટીક-સીંગલ યુઝ પ્લાસ્ટીકના ઉપયોગને નાથવા માટે કવાયત શરૂ દેવામાં આવી છે. ઓડીએફ ડબલ પ્લસના દરજ્જા માટે સફાઈ અને સ્વચ્છતાની ઝૂંબેશ જોરશોરથી શરૂ થઇ ગઇ છે.

> **સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી ન રહેતા પ્રત્યેક નાગરિકની જવાબદારી બનશે ત્યારે જ પરિણામ પ્રાપ્ત થશે**

ભારતીય રેલ સેવામાં 'પેલેસ ઓન વ્હીલ' નામથી એક લકઝુરિયસ ટ્રેન સેવા ઉપલબ્ધ છે જેને રજવાડી ઈન્ટીરીયરથી સજાવવામાં આવી છે. મોંઘા ટીકીટ દરવાળી આ ટ્રેનમાં મુસાફરી માટે વિદેશીઓમાં ખાસ આકર્ષણ છે. એકવાર સમાચાર પત્રોમાં ખૂબ ચમકેલા સમાચારો મુજબ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા વિદેશીઓ અનેક ઠેકાણે ખુલ્લામાં શૌચક્રિયા માટે બેઠેલા લોકોને જોઈ દંગ થઈ ગયા. એટલું જ નહીં દેશ-દુનિયામાં અનેક માધ્યમો દ્વારા પ્રસરેલા આ સમાચારો થકી આપણા દેશની હાંસી ઊડાડવામાં આવી. આવી અનેક શરમજનક ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. આ અજ્ઞાનતાના મૂળ સુધી પહોંચવા સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો થાય છે. ટોઈલેટ-એક પ્રેમકથા ફિલ્મ આ અંગેની જાગૃતિ અને સભ્યતાના વિષયને કેન્દ્ર સ્થાને રાખીને બનાવવામાં આવી. ઉપરાંત આર્થિક સહાય દ્વારા દરેક ઘરમાં શૌચાલય બાંધી આપવાની સરકારી યોજના અમલમાં મુકાઈ. પરંતુ આ પ્રયાસને પણ સંતોષજનક સફળતા નથી સાંપડી એવા અહેવાલ છે. હોલીવુડની ઓસ્કાર માટે નોમીનેટ થયેલ ફિલ્મ 'સ્લમ ડોગ મિલિયોનર' આપણા દેશમાં નિર્માણ પામી જેમાં મુંબઈની ધારાવીની ઝૂંપડપટ્ટીની તમામ પ્રકારની ગંદકી અને અસભ્યતાનું બારીકાઈથી ચિત્રણ કરવામાં આવ્યું. નાગરિક તરીકે આ ઘટનાઓ આપણને અત્યંત ક્ષોભ અને શરમની સ્થિતિમાં મૂકનારી છે. આજે સરકાર દ્વારા ભારતીય હેરીટેજને પ્રોજેકટ કરી ટુરીઝમ વધારવાના જોરશોરથી પ્રયત્નો થાય છે. વિદેશી મહેમાનોની આવનજાવનથી દેશને આર્થિક તેમજ અન્ય લાભો મળે એમ છે. પરંતુ એના માટે સ્વચ્છતા એ પાયાની બાબત છે. આપણા સૌના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આ તાકીદની જરૂરિયાત છે. ગંદકી કેટલીય ગંભીર બિમારીનું જન્મસ્થાન છે.

વિદેશમાં સ્વચ્છતા, સભ્યતા અને શિસ્તને કારણે નવી પેઢીનું યુવાધન પરદેશ તરફ ઘસડાઈ રહ્યું છે. હાઈજીન અને ગુણવત્તા એ વિદેશની લાઈફ સ્ટાઈલનો મુખ્ય હિસ્સો છે. સ્વચ્છતા જીવનની પાયાની જરૂરિયાતોમાંની એક છે. પરંતુ સ્વચ્છતા જો 'માનસિકતા' બને તો જ એમાં સુધાર શક્ય છે. સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી ન રહેતા જ્યારે પ્રત્યેક નાગરિકની જવાબદારી બનશે ત્યારે જ પરિણામ પ્રાપ્ત થશે. 'માત્ર મારું ઘર અને આંગણું સ્વચ્છ'ની સંકુચિત માનસિકતામાંથી બહાર આવી 'મારું ફળિયું સ્વચ્છ, મારી ઓફિસ સ્વચ્છ, મારું શહેર સ્વચ્છ, મારું રાજ્ય અને દેશ પણ સ્વચ્છ-સુંદર-રળિયામણો બને' એ વિભાવના હૃદયમાં સ્થાયી થશે ત્યારે જ સરકારના પ્રયત્નોને સફળતા શક્ય છે.

ઝીરો વેસ્ટ લાઈફ સ્ટાઈલ પણ એક મુવમેન્ટ-ઝૂંબેશ છે. 'Zero waste girl' તરીકે જાણીતી અમેરીકાની લ્યુરેન સીંગરની વાત જાણવા જેવી છે. સ્વીડન ઝીરો વેસ્ટ કલ્ચર સ્થાપિત કરવાની દિશામાં અગ્રેસર છે. આ દેશનું રીસાયકલીંગ રીવોલ્યુશનમાં મોટું પ્રદાન છે. એ બીજા યુરોપિયન દેશોમાંથી કચરો ખરીદી તેને રીસાયકલ કરે છે. અને રીયુઝ કરે છે. દરિયામાં અને જમીનમાં ધરબાતો કચરો અટકાવવાનો આ પ્રયાસ પ્રસંશનીય છે. ભારત દેશમાં ૨૬,૦૦૦ ટન પ્લાસ્ટિકનો કચરો પેદા થાય છે જે ઘાતક છે. ભારત દેશ ઈ-વેસ્ટ માટે, દુનિયાની મોટામાં મોટી ડમ્પીંગ સાઈટ બની રહ્યું છે.

આપણે દુનિયાને બચાવવાની દિશામાં આપણું યોગદાન અવશ્ય આપવું જોઈએ, કોઈપણ ખરીદીમાં પ્લાસ્ટીક ટાળીએ. કાપડની બેગ ઉત્તમ વિકલ્પ છે. પ્રયત્ન કરીને એના ઉપયોગની ટેવ કેળવવી જરૂરી છે, કચરો જ્યાં-ત્યાં ન ફેંકીએ. જાહેર સ્થાનોની સ્વચ્છતાનું પણ ઘરની જેમ જતન કરીએ એ આપણા હિતમાં છે, અને એ આપણી નાગરિક તરીકેની ફરજ પણ છે.

# જાણીએ ધનુર (ટીટેનસ) વિષે




આપણે બધાને એક કોમન જાણકારી છે કે કાટ વાળી લોખંડની વસ્તુ જો આપણને વાગે તો ધનુર થઈ શકે. આ માહિતી અમુક અંશે સાચી છે પણ સુધારાને અવકાશ તો છે જ. આજે જાણીએ ધનુર એટલેકે ટીટેનસ વિષે.



ટીટેનસ થવા પાછળ ક્લોસ્ટ્રીડીયમ ટીટેની નામના જીવાણુઓ જવાબદાર છે. આ જીવાણુઓ આપણી આસપાસ માટીમાં પુષ્કળ પ્રમાણમાં હોય છે. આ જીવાણુઓનો આકાર ટેનિસના રેકેટ જેવો હોય છે અને તે માટીમાં 'સ્પોર' સ્વરૂપે એટલેકે નિષ્ક્રિય સ્વરૂપે દિવસો અને મહિનાઓ સુધી પડયા રહે છે. માટીના સંપર્કમાં આવનારી તમામ વસ્તુઓ જેવીકે પથ્થર, કચરો, કે પછી લોખંડ કે જેમાં કાટ લાગ્યો હોય કે ન લાગ્યો હોય તે આ જીવાણુઓથી પ્રભાવિત હોઈ શકે.

જ્યારે આમાની કોઈ પણ વસ્તુ આપણને વાગે એટલેકે આપણા લોહીના સંપર્કમાં આવે તો ટીટેનસના જીવાણુઓનો ચેપ આપણને લાગી શકે. જો કે ખીલી જેવી ધારદાર વસ્તુથી ચેપ થવાના ચાન્સ વધુ છે કારણકે ખીલી શરીરની અંદર સુધી ખૂંચે છે. આથી ટીટેનસના જીવાણુઓ અંદર માંસપેશી સુધી જલ્દીથી પહોંચી જાય છે તેમજ માંસપેશીના આ વિસ્તારમાં ઓક્સિજન ઓછો હોવાથી આ જીવાણુઓ ઝડપથી પ્રજનન પામે છે અને 'ટેટેનોસ્પાઝમીન' નામનું અતિ ખતરનાક વિષ બનાવે છે. આ વિષના પ્રભાવથી શરીરની માંસપેશીઓ સંકોચાવા લાગે છે. માણસ બેન્ડ વળીને ધીમે ધીમે ધનુષની મુદ્રામાં આવી જાય છે (એટલે જ ટીટેનસને આપણે ત્યાં ધનુર્વા કહે છે) અને છેલ્લે મૃત્યુ પામે છે.

તો આ રોગનો ઈલાજ શું? સૌ પ્રથમ તો રોગ થયાની આશંકા જણાય કે તાત્કાલિક ઈલાજ કરાવવો ખૂબ જરૂરી છે. ડોકટરો વિવિધ પ્રકારની એન્ટિબાયોટિક વડે ટીટેનસના જીવાણુઓને અને ટીટેનસ- ઈમ્યુનોગ્લોબ્યુલિન જેવા દ્રવ્યો વડે ટીટેનસ વિષનો પ્રભાવ નષ્ટ કરે છે. આ રોગ ન થાય તે માટે ટીટેનસની રસી પણ આવે છે જેની અસર દસેક વર્ષ સુધી રહે છે.

આમ, ફક્ત કાટ ખાયેલાં લોખંડથી જ ટીટેનસ થાય એ માન્યતા ભૂલ ભરેલી છે. ધૂળ-માટીમાં પડેલી કોઈ પણ પ્રકારની વસ્તુઓ ટીટેનસ કરી શકે. આથી હંમેશા ચેતતા રહેવું અને ક્યાંય વાગ્યું જણાય તો તરત રસી મુકાવવી.

(M) 9879471147

# જય મીનાક્ષી માતા




તિરુઅનંતપુરમાં શ્રી પદ્મનાભ ભગવાનના દર્શન કરીને અમે રાતે કન્યાકુમારી પાછા આવી ગયા. કન્યાકુમારીથી ત્રિવેંદ્રમ ફક્ત નેવ્યાસી કિલોમીટર છે. પણ એટલો રસ્તો કાપતાં ખાસ્સા ચાર કલાક નીકળી જાય છે. સામાન્ય રીતે આ વાત કોઈ માનવા તૈયાર ના થાય પણ રસ્તેથી પસાર થાય ત્યારે આ વાત સાચી પડે છે. અત્યાર સુધી થયેલા પ્રવાસમાં એકંદર શાંતિ હતી. હવે બાકી રહેલા પ્રવાસમાં શાંતિ અને આરામ વિદાય લેવાનાં હતાં. હવે રોજેરોજની મુસાફરી, રોજેરોજનું રૂમ સિલેક્શન અને રોજેરોજનું બિસ્તરા પેકીંગ કરવાનું કામ માથે પડવાનું હતું. જે સિનિયર સીટીઝનોને ઘણું આકરું પડે છે. પરંતુ આપણાથી આયોજિત પ્રવાસમાં ફેરફાર કરી શકાતો નથી. જો કે આયોજકો પોતે ધારે તેવો ફેરફાર કરી શકે છે.

વહેલી સવારે અમે ચાનાસ્તો પતાવીને મદુરાઈની રાહ પકડી. મદુરાઈ વાઈગલ નદીને કિનારે આવેલું છે. અમને તો ભાઈ વાયગલ નદી ક્યારે આવી અને ક્યારે જતી રહી એની કશી ખબર પડી ન હતી. આપને કોઈવાર જવાનું થાય તો આ વાત યાદ રાખીને જજો. મદુરાઈમાં ઐતિહાસિક મીનાક્ષી મંદિર છે. તે ભારતનું અતિપ્રસિધ્ધ મંદિર છે. આ મંદિર તેના કલાત્મક ઊંચા શિખર અને શિલ્પકામ માટે વિખ્યાત છે. મીનાક્ષીદેવી પાર્વતીમાતાનું જ એક સ્વરુપ છે. તેમના લગ્ન સુંદરેશ્વરસિંહ સાથે થાય છે જે શિવજીનું સ્વરુપ છે. મંદિરમાં બંને દેવોનાં દર્શન થાય છે. દક્ષિણ ભારતના મંદિરોમાં મોટે શિવજી મુખ્ય દેવતા હોય છે અને પાર્વતી એમની સાથે હોય છે. પરંતુ આ મંદિરમાં પાર્વતી ઉર્ફે મીનાક્ષી અમ્મા મુખ્ય દેવી છે અને શિવજીનું મંદિર તેમની સાથે છે. અહીં મીનાક્ષી અને શિવના લગ્ન થયેલા અને તેમાં સ્વર્ગના સર્વે દેવીદેવતાઓ ઉપસ્થિત રહેલા.

પાકલ્રગની તકલીફ હોય કે બીજું કોઈ કારણ હોય પણ અમારી ગાડીવાળાએ મદુરાઈમાં આવ્યા પછી મંદિરની આજુબાજુ બેત્રણ આંટા માર્યા તોય ક્યાંય વ્યવસ્થિત ગાડી પાર્ક કરવાની જગ્યા મળી નહીં. એટલે એક ચાર રસ્તાની સાઈડમાં ગાડી ઊભી રાખીને બધાને ઉતારી દીધા અને ત્યાંથી મંદિરે ચાલતાં જવાની સૂચના મળી. મંદિર થોડુંક દૂર હતું તેથી પાર્વતીએ તો માતાજીને દૂરથી જ નમસ્કાર કરી લીધા. અમે એકબીજાનું પગલું દબાવતાં મંદિર ભણી ઉપડ્યા. રસ્તામાં ભરચક બજાર હતું. સાડીઓ સહિત અનેક જાતની વસ્તુઓ વેચાતી હતી. બહેનો માટે ઝડપથી ચાલવું મુશ્કેલ હતું. અમારે તો રસ્તાની આજુબાજુ કે ઉપરનીચે જોવાની ફૂરસદ જ નહોતી. અમારે તો આગળવાળાને નજરમાં રાખીને પ્રયાણ કરવાનું. એવામાં એક દરવાજો આવ્યો. આગળવાળા એમાં પ્રવેશ્યા એટલે અમેય દાખલ થયા. આ જ મીનાક્ષી માતાના મંદિરનો મુખ્ય દરવાજો હતો. મંદિર હજુ થોડુંક અંદર હતું. અંદર જઈને અમે લાંબીલચક જનરલ લાઈનમાં ઊભા રહી ગયા. મધુમામા અને બીજા બેત્રણ જણાએ આ સ્થળ જોયું હશે તે તેઓ વહેલા આવી ગયા હતા અને અમારાથી ખાસ્સા આગળ લાઈનમાં ઊભેલા. દર્શન હજુ શરૂ થયા ન હતા. કદાચ એકાદ કલાક માટે દર્શન માટે દ્વાર ઉઘાડવાના હતાં. અમે વિચાર્યું કે જો અમે આ લાઈનમાં જ ઊભા રહીશું તો દર્શનનો લાભ ચોક્કસ ગુમાવવાના. સ્પેશ્યલ ટિકિટ લીધા વગર આજે છૂટકો નથી. રાજુભાઈ દોડતા જઈને અમારી સ્પેશ્યલ ટિકિટ લઈ આવ્યા. આ ટિકિટ લઈને અમે ગર્ભદ્વારની છેક નજીક પહોંચી ગયા. મધુભાઈ વગેરે એ પણ પછી તો સ્પેશ્યલ ટિકિટ ખરીદી અને અમારી પાછળ આવી ગયા. લગભગ અડધો કલાક આમ ઊભા રહ્યા હોઈશું ત્યાં ઘંટારવ થયો અને દ્વાર ઉઘડ્યાં. અમે ધીમે પગલે માતાજી સન્મુખ આગળ વધ્યા. આપણા બહુચરાજીના મંદિર જેવી જ વ્યવસ્થા છે. લાઈનમાં થોડે દૂરથી પણ માતાજીના દર્શન થઈ શકે છે. થોડીવારમાં માતાજી સામે આવી ગયા અને શ્રધ્ધાપૂર્વક પ્રણામ કર્યા. માતાજી પાસે માંગવાનું તો ઘણું બધુયે હોય છે. પણ માંગ્યું બધું એમ થોડું મળી જાય છે ? છતાં મનમાં એવું થયું કે આ ક્ષણે પાર્વતીએ પાર્વતીનાં દર્શન કર્યાં હોત તો સારું. દર્શન કરી જમણી બાજુના દ્વારેથી જેવા બહાર નીકળ્યા કે તરત જ બાજુમાં શિવજીનું મંદિર હતું. અહીં માતાજીના મંદિર જેટલી ભીડ નહોતી. સરસ અને શાંતિથી દર્શન કરી શકાયાં. આજુબાજુના થાંભલાઓ ઉપર સુંદર મોટી મૂર્તિઓનું શિલ્પકામ કરવામાં આવ્યું હતું. ઉપર છતમાં એવું જ સુંદર રંગકામ કરવામાં આવ્યું હતું. આ સઘળું શાંતિપૂર્વક અને ઝીણવટપૂર્વક નિહાળી શકાતું નથી. એ આપણા પ્રવાસ આયોજનની ગરબડ છે. આપણે પુસ્તકોમાં હંમેશા આ મંદિરનાં દૂરથી ફોટા જોયેલા છે. પણ અમે પોતે દૂરથી મંદિરનું આવું દ્રશ્ય જોઈ શક્યા નહીં એનું કારણ કેમેરાનો અભાવ ગણી શકાય. મંદિરમાં કેમેરો લઈ જવા દેતા નથી એના કારણે પણ અસંખ્ય વસ્તુઓ જોવાની રહી જાય છે.

બહાર આવતાં જ તીખા તડકાનો સામનો કરવો પડ્યો. રાજુભાઈ શી ખબર શું કરવા રહ્યા કે મારાથી થોડા પાછળ રહી ગયા. મને તરસ બરાબરની લાગી હતી. એટલે મારી આંખો ઠંડા પીણાની દુકાન શોધતી હતી. સામેની બાજુએ એક કોલ્ડ્રીંકવાળો દેખાયો એટલે હું ત્યાં ગયો એક કાકા બેઠા હતા એમને લીંબુ શરબતનો ઓર્ડર આપ્યો. કાકાએ ઘણી શાંતિથી શરબત બનાવી મને આપ્યું, મેં પણ એવી જ શાંતિથી હળવે ઘૂંટડે શરબતનો આનંદ મેળવ્યો. હજુ રાજુભાઈ ક્યાંય દેખાતા ન હતા. એટલે હું અમારા ઉતરવાના સ્થળે ઝડપથી ચાલ્યો કારણ કે પાર્વતી ત્યાં એકલી હતી. રસ્તામાં અમારી સહપ્રવાસી બહેનોને સાડીઓ જોતી જોઈ. હું વિશ્રામ સ્થળે આવ્યો ત્યાં પાર્વતી એક શેરડીના સંચાવાળાના સ્ટૂલ પર નિરાંતે બેઠી હતી. શેરડીવાળાએ ઘરડી અમ્માની દયા ખાઈને આ વ્યવસ્થા કરી આપી હતી. તેના બદલામાં એને એક ગ્લાસ શેરડીના રસની કમાણી થયેલી. મેં પણ આવીને એક શેરડીનો ગ્લાસ ટટકાવ્યો. એટલામાં અમારા સહપ્રવાસીઓ આવી પહોંચ્યા. દૂર પાકલ્રગમાંથી બસ આવવાની અમે રાહ જોઈ રહ્યા હતા. એટલામાં નયન આવ્યો. એણે કહ્યું કે ત્યાં બસ ચાર રસ્તાના સામેના ખૂણે ઊભી રાખી છે. અમે એટલું ચાલીને બસમાં બેઠાં. નયન બપોરના ભોજન માટે અહીંથી કોઈ નવીન ફરસાણ ખરીદી લાવ્યો હતો.